રીટ પીટીશન નં-૧૯૬-૨૦૦૧ ના ચુકાદા અન્વયે મધ્યાહન ભોજન યોજનાનો સરકારી સહાય મેળવતી બીન સરકારી પ્રાથમિક શાળાઓમા અમલ કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:મભય-૧૩૨૦૦૧-૭૭૯-૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૭/૬/૨૦૦૬

વંચાણે લીધા :-
(૧) શિ.વિ.ના ઠરાવ ક્રમાંક:મભય-૧૩૮૪-ક-, તા. ૯-૧૧-૮૪.
(૨) શિ.વિ.ના ઠરાવ નં-મભય-૧૩૨૦૦૧-૧૨૨૨, ૨ , તા.૨૮-૮-૨૦૦૧
(૩) રીટ પીટીશન ( સીવીલ)નં.૧૯૬-૨૦૦૧,પીપલ્સ યુનિ.ફોર સીવીલ લીબર્ટીઝ વિ. યુનિ.ઓફ ઇન્ડીયા એન્ડ અધર્સ સુપ્રિમ કોર્ટના તા.૨૮-૧૧-૨૦૦૧ ના ચુકાદાની નકલ.

**પ્ર સ્તા વ ના :-**

ગુજરાત રાજયમાં સરકારી પ્રાથમિક શાળાઓના તેમજ પંચાયત, નગરપાલિકા-મહાનગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળાઓમાં ગરમ રાંધેલુ ભોજન પુરુ પાડવા અંગેની મધ્યાહન ભોજન યોજના તા.૯-૧૧-૮૪ અને તા.૩૦-૧૧-૮૪ ના ઠરાવથી ધોરણ- ૧ થી ૭માં ભણતા બાળકોને બપોરે ગરમ રાંધેલુ ભોજન આપવાની યોજના હાલ અમલમાં છે. ઓગસ્ટ-૧૯૯૫ માં ભારત સરકારે ધોરણ-૧ થી ૫ માં અભ્યાસ કરતાં બાળકોને રાંધેલુ ભોજન આપવા માટે વિનામૂલ્યે ૧૦૦ ગ્રામ અનાજ બાળકદીઠ પ્રતિદિન રાજયને આપવાનુ સ્વીકારેલ છે. આ યોજનામાં હાલની સુધારેલી જોગવાઇ અનુસાર દરેક બાળકદીઠ દૈનિક રુ. ૧.૭૫ ખર્ચ કરવામાં આવે છે. તથા તા.૨૮-૮-૨૦૦૧ ના ઠરાવથી ધોરણ-૬ અને ૭ ના બાળકો માટે બાળકદીઠ પ્રતિદિન ચોખાનુ પ્રમાણ ૫૦ ગ્રામ ઠરાવેલ છે.

**ઠ રા વ :-**

આ બાબતમાં તાજેતરમાં નામદાર સુપ્રિમ કોર્ટમાં રજૂ થયેલ રીટપીટીશન નં. ૧૯૬-૨૦૦૧ ના કેસમાં નામ. સુપ્રિમકોર્ટના તા.૨૮-૧૧-૨૦૦૧ ના ચુકાદાથી રાજયની સહાય મેળવતી બિન સરકારી પ્રાથમિક શાળાઓના બાળકોને પણ ગરમ રાંધેલુ ભોજન વર્ષમાં ઓછામાં ઓછુ ૨૦૦ દિવસ માટે આપવા રાજ્ય સરકારોને આદેશ આપવામાં આવેલ છે. નામદાર સુપ્રિમકોર્ટના પ્રસ્તુત આદેશને ધ્યાનમાં રાખીને રાજયમાં ૨૫૭ જેટલી સરકારી સહાય મેળવતી ખાનગી પ્રાથમિક શાળાના ૧,૬૧,૦૦૦ જેટલા બાળકોને ગરમ રાંધેલુ ભોજન આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે કુલ ૨૫૭ ખાનગી પ્રાથમિક શાળાના ૧,૬૧,૦૦૦ બાળકોને આ લાભ આપવાનુ રાજય સરકારે ઠરાવેલ છે. જે માટે ૨૦૦ દિવસના રુ.૧.૭૫ પૈસા પ્રમાણે વર્ષે રુ.૫.૬૪ કરોડનો વધારાનો ખર્ચ થાય તેમ છે. જે અંગેનો ખર્ચ મેળવવા માટે સને ૨૦૦૨-૨૦૦૩ ના અંદાજપત્રમાં નવી

બાબત રજુ કરીને જરુરી જોગવાઇ કરવામાં આવેલ છે. આ અંગેની નીચે જણાવેલ શરતો તેમજ જોગવાઇઓને આધીન રહીને આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) નામદાર સુપ્રિમકોર્ટના આદેશ અન્વયે મધ્યાહન ભોજન યોજના, સરકાર, પંચાયતો અને નગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળાઓમાં અમલમાં છે.. તે જ ધોરણે રાજયની સહાય મેળવતી બિન સરકારી પ્રાથમિક શાળાઓમાં અમલમાં રહેશે.

(૨) આ યોજનામાં વિધાર્થીદીઠ રુ.૧.૭૫ પૈસાની મર્યાદામાં સંબંધિત શાળાઓને વધારાની સહાય ચુકવવાનુ ધોરણ રાખવાનુ રહેશે.

(૩) ૨૦૦૧-૨૦૦૨ નુ બીજુ સત્ર પુરુ થયેલ હોઇ સરકારી સહાય મેળવતી બિન સરકારી પ્રાથમિક શાળાઓમાં આ યોજનાનો અમલ ૨૦૦૨-૨૦૦૩ ના જુન માસ થી શરુ થતાં સત્રથી કરવાનો રહેશે.

(૪) આ યોજનાના અમલ માટે વાસણો તેમજ રસોડાની વ્યવસ્થા અંગેનો ખર્ચ જે તે સંસ્થાએ ભોગવવાનો રહેશે.

૩- !! સામાન્ય રીતે ૩૦-૩૫ ટકા બાળકોજ આ યોજનાનો લાભ લેતા હોય છે. એટલે કુલ વધારાનો વાર્ષિક ખર્ચ રુ.૨.૨૫ કરોડ જેટલો થશે. જેની નાણા વિભાગ ધ્વારા સંમતિ મળેલ છે. !!

૪- આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૫-૨-૨૦૦૨ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

જે. એસ. વૈષ્ણવ,
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- બધા માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- બધા માન. રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- બધા માન. નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર, નવી દિલ્હી (પત્ર ધ્વારા)
- કમિશ્નરશ્રી મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, બ્લોક નં.૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ.) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.